| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૪/૦૪/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૧૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૭૧ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૦ બીયરટીન, ૦૨ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૧૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૬૧૯/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** મનાલીબહેન ડો/ઓ નરહરીભાઈ ઝવેરી (ઉ.વ.૪૩)(રહે.પ્રેરણા શિખર બોડકદેવ ફાયર સ્ટેશનની બાજુમા, બોડકદેવ) એ તા.૧૩/૦૪/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૩ બપોરના ૨/૩૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના ડ્રોઈંગરૂમમા ટેબલ ઉપર મુકેલ સોનાની હિરાજડીત વીંટી કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

## પહેલા માળેથી પડી જતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૬૨૦/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** કીશનભાઈ રમેશભાઈ દામા (ઉ.વ.૨૧)(હાલ રહે. “કલાસાગર” નામની નવી બનતી સાઈટ, લેબર કોલોની, ટી.પી.૪૪, ઝુંડાલ બ્રીજ પાસે, ચાંદખેડા મુળ વતન. ગામ-ગેહુવા, તા-ચીખલી, જી.ડુંગરપુર, રાજસ્થાન) તા.૧૩/૦૪/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ભાડજ ખાતે આવેલ “શ્રીકર ઈલાઈટ” નામની સાઈટના “એ” બ્લોકના પહેલા માળે થી પગ લપસતા નીચે પડી જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૨૧/૨૦૨૩**

**વેજલપુરઃ** આનંદભાઇ અરવિંદકુમાર આર્ય (ઉ.વ.૨૩)(રહે,ગણેશ કોમ્પલેક્ષ રૂષીકેશ વિધ્યાલય પાસે સરખેજ)એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા “ફરહીન પ્લાઝા” ફ્લેટના ત્રીજા માળે મકાન નંબર બી/૫ ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાંતીભાઈ મગનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી